રાજ્યમાં "સુરક્ષા સેતુ યોજના" અંતર્ગત રચવામાં આવેલ ત્રિસ્તરીય (રાજ્ય કક્ષાની , શહેર કક્ષાની અને જિલ્લા કક્ષાની) સુરક્ષા સેતુ સોસાયટીઓની "ગવર્નિંગ કાઉન્સિલ"માં સમાવિષ્ટ બિનસરકારી સભ્યોના દરજ્જા, પ્રવાસ ભથ્થા, દૈનિક ભથ્થા અને કાર્યકાળ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
હુકમ ક્રમાંક-સરક્ષ/૧૦૨૦૧૯/૪૬૨૫૬૧/ટ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૧૯/૦૮/૨૦૨૦

વંચાણે લીધા :- (૧) ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૬/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: PWF/ ૧૦૨૦૧૨ /૪૧૧૬૫/ટ
(૨) ગૃહવિભાગ,સચિવાલય, ગાંધીનગરનો તા. ૦૯/૧૦/૨૦૧૪નો હુકમ ક્રમાંક: સરક્ષ/ ૧૦૨૦૧૪/૨૮૧૩/ટ
(૩) ગૃહવિભાગ,સચિવાલય, ગાંધીનગરનો તા. ૨૫/૦૨/૨૦૧૬નો હુકમ ક્રમાંક: સરક્ષ/ ૧૦૨૦૧૪/૨૮૧૩/ટ

## પ્રસ્તાવના :-

ગૃહ વિભાગના ઉક્ત સંદર્ભ ક્રમાંક: (૧) સામે દર્શાવેલ તા:૨૬/૦૯/૨૦૧૨ના ઠરાવથી રાજ્ય કક્ષાની-એક તથા તમામ જીલ્લાઓના પોલીસ અધિક્ષકશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં મળી કુલ-૩૨ "સુરક્ષા સેતુ સોસાયટીઓ"ની રચના કરવામાં આવેલ છે. ત્યારબાદ ઉપર સંદર્ભ ક્રમાંક: (૨) સામેના ઠરાવથી 'જીલ્લા કક્ષાની' તથા 'શહેર કક્ષાની' "સુરક્ષા સેતુ સોસાયટીઓ"ની 'ગવર્નિંગ કાઉન્સિલ' અને 'એક્ઝિક્યુટીવ કમિટી'ના બંધારણમાં ફેરફાર કરવામાં આવેલ છે તથા સંદર્ભ ક્રમાંક: (૩) સામેના ઠરાવથી રાજ્યમાં "સુરક્ષા સેતુ યોજના" અંતર્ગત રાજ્ય, શહેર અને જિલ્લા એમ ત્રણેય કક્ષાની સોસાયટીઓની 'ગવર્નિંગ કાઉન્સિલ' અને 'એક્ઝિક્યુટીવ કમિટી'ના બંધારણમાં ફેરફાર કરવામાં આવેલ છે. રાજ્યમાં "સુરક્ષા સેતુ યોજના" અંતર્ગત રચવામાં આવેલ ત્રિસ્તરીય (રાજ્ય, શહેર અને જિલ્લા) સોસાયટીઓની

"ગવર્નિંગ કાઉન્સિલ"માં સમાવિષ્ટ બિનસરકારી સભ્યોના દરજ્જા, પ્રવાસ ભથ્થા, દૈનિક ભથ્થા અને કાર્યકાળની મુદત નક્કી કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે "સુરક્ષા સેતુ યોજના" અંતર્ગત રાજ્ય કક્ષાની, "સુરક્ષા સેતુ સોસાયટી"ની ગવર્નિંગ કાઉન્સિલમાં સમાવિષ્ટ બે અગ્રગણ્ય નાગરીકો તથા શહેર અને જીલ્લા કક્ષાની "સુરક્ષા સેતુ સોસાયટી"ની ગવર્નિંગ કાઉન્સિલમાં સમાવિષ્ટ બિન સરકારી સભ્યો માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

(૧) સમિતિના બિન સરકારી સભ્યોનો દરજ્જો વર્ગ-૧ના દરજ્જાના સરકારી અધિકારીને સમકક્ષ ગણાશે.

(૨) તેઓને નાણાં વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૧૪/૧૧૨૫/ચ ની જોગવાઇઓ મુજબ પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થા, સમિતિના સભ્ય સચિવશ્રી પ્રતિ સહી કરી ચૂકવશે.

(૩) સમિતિની મુદત તેની રચના થયા તારીખથી ૨ વર્ષ માટેની અથવા સરકારશ્રી દ્વારા અન્ય હુકમો થતા સુધીની રહેશે.

૨. વંચાણે લીધેલ ઉક્ત ત્રણેય ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઈલ પર સરકારશ્રીની તા.૦૨/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત પટેલ)
ઉપસચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(અલગ પત્રથી)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. રા.ક.મંત્રીશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. રા.ક.મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

PTO

(૬) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૭) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર

(૧૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૧૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), અમદાવાદ/રાજકોટ.

(૧૪) પોલીસ મહાનિરીક્ષકશ્રી (વહીવટ), ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર

(૧૫) સભ્ય સચિવશ્રી, રાજ્ય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટી અને અધિક પોલીસ મહનિદેશકશ્રી(પો.સુ.), પોલીસ ભવન , ગાંધીનગર

(૧૬) નાણા સલાહકારશ્રી (ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૭) ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે વિભાગીય (રેન્જ) પોલીસ વડાશ્રીઓ

(૧૮) પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર. (તેમના હસ્તકની "સુરક્ષા સેતુ સોસાયટી"ની "ગવર્નિંગ કાઉન્સિલ"ના તમામ સભ્યશ્રીઓને પણ આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ )

(૧૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર અને વડોદરા શહેર.

(૨૦) તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ

(૨૧) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

(૨૨) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ (તેમના હસ્તકની "સુરક્ષા સેતુ સોસાયટી"ની "ગવર્નિંગ કાઉન્સિલ"ના તમામ સભ્યશ્રીઓને પણ આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ )

(૨૩) ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડા/બોર્ડ/ નિગમો.

(૨૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર અને અમદાવાદ.

(૨૫) રાજયના તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

(૨૬) ગૃહ વિભાગના તમામ અધિક સચિવશ્રી/ નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રીઓ

(૨૭) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા/ આઈ ટી શાખા(વેબસાઈટ પર અપલોડ કરવા) , ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨૮) શાખા સિલેક્ટ ફાઇલ/ નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ.